GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

`

# શું તમે તમારા બાળકની ક્ષમતાને જાણો છો?

Dr. Trupti S .Upadhyay
Asst. Professor
KSV University, Gandhinagar

બાળક કુદરતની અદભુત રચના છે. બાળક ચંચળ અને ભગવાન સ્વરૂપ હોય છે, તે એક છોડ જેવું છે. તેનો વિકાસ માતા–પિતાએ કરવાનો છે, તેનો જેટલું શ્રેષ્ઠ વિકાસ થશે તેટલો સમાજને ઉત્તમ નાગરિક પ્રાપ્ત થશે. વર્તમાન સમય બદલાઈ રહ્યો છે. માતા–પિતા બંને નોકરી કરતા હોય છે, માતા–પિતા બાળકને ભૌતિક સુવિધાઓ તો આપે છે પરંતુ શું તેના માનસિક વિકાસ તરફ પણ ધ્યાન આપે છે? ઈશ્વર બધી જગ્યાએ પહોંચી શકતો નથી તેથી તેને માતા પિતાનું સર્જન કર્યું છે. માતા–પિતા બંનેની સંપૂર્ણ જવાબદારીથી જ બાળકનો સર્વાંગી વિકાસ થાય છે. માતા–પિતા બંને પોત–પોતાનો રોલ ભજવે છે અને શ્રેષ્ઠ કેળવણી આપે છે. સારા વાલીઓ સંપૂર્ણ સજાક હોય છે, તેઓ કદી ઉદાસ નથી દેખાતા, સમયચિત વર્તન કરે છે. બાળકના અંગત જીવનમાં રસ લે છે. બાળકને ધર્મનુગામી બનાવી તેનામાં નૈતિક હિંમત પ્રગટાવે છે. માતા–પિતા સજાગ હશે તો જ બાળકને શું ગમે છે, શું નથી ગમતું તે સમજી શકે છે. આમ બાળકની અનુભૂતિ જાણી સાચું હેત અને પ્રોત્સાહન આપી શકે છે.

બાળકો પોતાના માતા–પિતાને જોઈને જિંદગી જીવતા શીખે છે. ઘરના વાતાવરણ પ્રમાણે તેનું વ્યક્તિત્વ ઘડાય છે. ક્યારેક બાળક કોઈ રમતમાં હારી જાય તો તેની સાથે ઉભા રહે તેને આધાર પૂરો પાડે છે. હાર પણ સ્વીકારી ધીરજ ન ગુમાવતા આનંદ અનુભવતા શીખવાડે એ પણ વાલીનું કર્તવ્ય છે, આવા સૂક્ષ્મ ભાવો ત્યારે જ કેળવી શકાય જ્યારે બાળક સાથે ફરવાની, જમવાની, હસવાની વગેરે પ્રવૃત્તિમાં અતપ્રોત થઈ જાય. માતા–પિતા એવું વિચારે છે કે ઘણું બધું કમાઈને દીકરા કે દીકરીને વારસામાં અમૂલ્ય મિલકતો આપીએ, પરંતુ આપણે ક્યારેય વિચાર્યું છે કે તેના માટે આપણે અતૂટ સંપત્તિ ભેગી કરી છે, તેને સંસ્કાર આપ્યા છે? તે ભેગી કરેલી સંપત્તિને સાચવશે? એટલા જ માટે માતા–પિતા તરીકેની પ્રથમ ફરજ તેને ગુણવત્તા વાળો સમય અને સંસ્કાર આપવાનો છે, તો તમારી સંપત્તિને બે ગણી કરશે અને ઘડપણમાં પણ તમને સાચવશે. ઘણા માતા–પિતા કહે છે કે સમય જ

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

નથી મળતો પરંતુ એવું નથી સમય તો હોય છે પણ આપણે આપણા કામમાં એટલા ઓતપ્રેત રહીએ છીએ કે બીજા માટે સમય નથી આપતા. ઓફિસનું કામ ઓફિસમાં કરવાનો પ્રયત્ન કરીએ, ઘરે હોઈએ ત્યારે બાળક સાથે, પરિવાર સાથે આનંદથી સમય પસાર કરીએ. બાળક મળે ત્યારે ભગવાન મળ્યા જેટલો આનંદ થાય તે જ સાચા માતા–પિતા. વાલીના વર્તનથી બાળક સંસ્કાર પ્રાપ્ત કરે છે. શિસ્ત, સ્વાસ્થ્ય, નિખાલસતા, ભગવાનમાં શ્રદ્ધા, વડીલોનો આદર વગેરે ગુણો તે પરિવારમાંથી શીખે છે. તમારા બાળકના ભવિષ્યની દોરી તમારા હાથમાં છે. તેને નાનપણથી જ કેળવવાનો પ્રયત્ન કરો, તેની સાથે વાંચન કરો. તમે જે પ્રવૃત્તિ કરો છો તેમાં તેને સાથે રાખવાનો અને બાળકને સમજવાનો પ્રયત્ન કરો. જ્યારે તે ખોટો હોય છે ત્યારે તેને સાચા અને ખોટાનો તફાવત જણાવો. ઘરના સંસ્કાર પણ જણાવો જેથી બાળક તે રીતે કંઈ પોતાનું વર્તન બદલશે. તેની પરિસ્થિતિને પહેલાં સમજો અને પછી તેને માર્ગદર્શન આપો. સાચું ઘર એજ છે જ્યાં બાળકને હુંફ, પ્રેમ આદર મળે. બાળક જ્યારે તેના વિચારો જણાવે ત્યારે તેને ધ્યાનથી સાંભળો. જો તે બોલ્યા કરતું હોય ને તમે તમારા કામને વ્યસ્ત હોય તો તેને નહીં ગમે, બીજીવાર તમને તે નહીં જણાવે. માત–પિતાને ઘણીવાર એવું લાગે છે કે બાળક તોફાન કરે છે, તે બેસતો જ નથી પરંતુ એવું નથી. આપણામાં અને બાળકમાં તફાવત છે. બાળક એની જિંદગી આનંદથી જીવે છે. આપણે ભાર લઈને જીવીએ છીએ તેથી આપણને આનંદિત નથી હોતા.

બાળક પાસેથી આપણે શીખવા જેવું છે કે દરેક પળને આનંદથી માણવી. બાળકને ક્યારેય મારશો નહી, હાથ ઉપાડવો નહીં, મારવાથી ધીમે ધીમે તે તમારાથી જુઠ્ઠું બોલશે અને તમારાથી દૂર જશે. મારવાથી ધીમે ધીમે તે તમારાથી જૂઠું બોલશે અને દૂર જશે તો નુકસાન માતા–પિતાને થશે, તેના કરતાં તમે તેને પ્રેમથી સમજાવો, તે જરૂર સમજશે તેને નાનપણથી ઘણી આદતો કેળવો જેથી મોટો થતા એવું કોઈ કાર્ય નહીં કરે જે તેના માતા પિતાને ગમે નહીં. ઘરમાં બાળકનો આદર જાળવો તેને નેગેટિવ વાતો બોલવી નહીં. તેની નિર્ણય ક્ષમતાનો વિકાસ કરો. નાની–નાની બાબતમાં, તેના રસના વિષયમાં બાળકના નિર્ણયને જાણવો ખૂબ જરૂરી છે. વર્તમાન પરિસ્થિતિને સમજી પછી નિર્ણય તથા માર્ગદર્શન આપો. બાળકનું પ્રેમથી સિંચન કરવું.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

`

બાળકને ધર્મગ્રંથોનું વાંચન કરાવો તેનાથી તેનામાં આત્મવિશ્વાસ અને ભગવાનમાં શ્રદ્ધા જાગશે, જ્યારે પણ તે મુશ્કેલીમાં હશે તો તે તેની શ્રદ્ધા તેને ટકાવી રાખશે. ધર્મના આચરણથી બાળકમાં વિશ્વાસ પેદા થશે અને સંસ્કારોથી જોડાયેલો રહેશે. સારા સંસ્કારોનું તેનામાં સિંચન થશે. ધર્મગ્રંથોનું વાંચન ભવિષ્યમાં બાળક ખોટું કરશે તો તેને આત્મા નહીં કરવા દે. ઘરનું વાતાવરણ ધાર્મિક બનાવો.

વર્તમાન સમયમાં માપ–બાપ બાળકને અઢી વર્ષ પ્રી– સ્કૂલમાં મૂકી દે છે. તેમાં ત્રણ વર્ષનું થતા થતા તેને ક્લાસીસમાં મૂકે છે. મા બાપની એવી મહેચ્છા હોય છે કે હું જે નથી કરી શક્યો તે મારું બાળક કરે, પરંતુ બાળકની ક્ષમતા ને જાણો, તેને રસ હોય તે જ ક્લાસીસમાં મોકલો. બાળકને બધામાં વિશારદ બનાવવાની કોશિશ ન કરવી. તેનું બાળપણ માણવા દો તે ઘરના સભ્યો સાથે પણ વાતચીત કરે, રમે તેટલો સમય આપો. અલગ અલગ ક્લાસીસ માંથી આવીને બાળક થાકીને સૂઈ જાય છે. માતા–પિતા સાથે શનિ –રવિ સિવાય વાત પણ નથી થતી, તો તે બાળકના વિકાસ માટે અવરોધ રૂપ છે. બાળકને ઓળખો તેને કેવી, તેને કોની સાથે મિત્રતા છે? તેને કંઈ રમત ગમે છે? તેને કયો કલર પસંદ છે? તેને કંઈ વાનગી પસંદ છે ? શાળામાં કોની સાથે બેસે છે? કયો વિષય પસંદ છે? કયું સ્થળ પસંદ છે ? તેનું વાંચન માટેનું રસનો વિષય કયો છે? તેના મિત્રના નામ જાણો છો? ટીવી કે ફોનમાં શું વધુ જોવાનું પસંદ કરે છે? બાળકનું પ્રિય શિક્ષક કોણ છે? તમારી પાસેથી દરરોજ બાળકની અપેક્ષા શું હોય છે ? ઉપરના જેવા વગેરે પ્રશ્નોના જવાબ તમને ખ્યાલ હોવો જોઈએ. તેની દિનચર્યાની જાણ હોવી જોઈએ. માતા–પિતાએ બાળકોને પોતાની સાથે વિવિધ પ્રવૃત્તિમાં સામેલ કરવા. તેની સાથે ક્રિકેટ, વોલીબોલ વગેરે આઉટડોર રમતો તેમજ ચેસ, કેરમ જેવી રમતો રમવી જોઈએ જેથી તેઓ બાળકની નજીક આવી શકે. તેના વર્તનને જાણી શકે.

બાળકોને પોતાની સાથે ગાર્ડનમાં છોડ કે વૃક્ષ ઉગાડવા સાથે રાખવા, ઘરના નાના –નાના કામમાં સાથે રાખવા. તેનાથી બંને વચ્ચેની આત્મીયતા વધે છે. બાળકની વધુ નજીક મિત્ર ભાવથી માતા–પિતા રહી શકે છે. બાળક પાસે નોલેજ હશે પણ નવું શીખવાની વૃત્તિ કેળવાયેલી નહીં હોય તો

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 3
May-June:2025

`

જીવનમાં આવતા પરિવર્તનો સામે ટકી નહીં શકે તે હતાશ થઈ જશે. બાળક ખૂબ હોશિયાર હશે પણ સાચું જીવતા કે ખુશ રહેતા આવડતું ન હોય તો જીવનનો સાચો આનંદ માણી શકે નહીં. બાળકને ઘરના નીતિ–નિયમો અને સંસ્કાર પ્રેમથી સમજાવો. આખો પરિવાર સાથે બેસીને આરતી કરે પ્રાર્થના કરે, સાથે બેસીને જમે, સામાજિક પ્રસંગોમાં પણ બાળક જાય જેથી સમાજમાં હળતો મળતો થાય. આ બધું તેના માતા–પિતા એ જીવન જીવતા શીખવાનું છે તેની ક્ષમતાને ઓળખીને તે પોતાના કેરિયરની પસંદગી કરે તેવો દ્રષ્ટિકોણ બાળકમાં વિકસાવાનો છે. તેની નિર્ણય ક્ષમતા વિકસે તેવા કાર્યો કરવાના છે. તેની ક્ષમતાને ધ્યાનમાં લઈને પણ તેને પ્રશ્નો પૂછવા, તેને યોગ્ય માર્ગદર્શન આપવું. બાળક સાથે વિશ્વાસ કેળવી કે આ બાળક આપણા આગળ ક્યારેય જૂઠું ન બોલે.

**ઉપસંહાર**

બાળક ઘણી બધી વાતો કરે છે તેને ઘણું બધું કહેવું હોય છે, પૂછવું હોય છે માતા–પિતા દિવસના અમુક કલાકો મોબાઇલ ટીવી ઘરનું કામ બધું સાઈડ પર મૂકી તેની સાંભળો બાળકને સાચા અર્થમાં ખીલવવા હોય તો બોલવા દો. બાળકને ખૂલીને બોલવા દો ત્યારે તમે તેને જાણી શકશો. બાળકના યોગ્ય ઉછેર માટે ઉત્તમ પ્રયાસ કરવો જરૂરી છે આપણી ઈચ્છા મુજબ બાળક બની જશે અને વર્તશે એવી અપેક્ષા ન રાખવી જોઈએ. આપણે માત્ર ને માત્ર એનો અનાશક્ત ભાવે ઉછેર કરવો જોઈએ. બાળકને તેની ક્ષમતાઓ ઉપર આધારિત જીવન જીવવા દો અને વિકાસમાં સંપૂર્ણપણે સહભાગી થઈ તેનો શ્રેષ્ઠ ઉછેર કરો.

**સંદર્ભ સાહિત્ય**


- તમે અને તમારા સંતાન– સ્વામિનારાયણ અક્ષરપીઠ
- બાળ વિશ્વ, બાળકોના શિક્ષણ અને ઉછેર માટે ભગવત ગીતા – પ્રોફેસર રણજીતસિંહ પવાર